ગાંધીનગર સમાચાર





(તસવીર : કશ્યપ નિમાવત)

બોર્ડની રામાયણ - ગાંધીનગરમાં બોર્ડની કથા રસપ્રદ અને રોમાંચક બનતી જાય છે... નવા બોર્ડ લાગે, જુના હટાવાય પરંતુ રસ્તા વચ્ચોવચ્ચ, ગમે ત્યાં - ગમે તેમ બોર્ડ નાખવાની ટેવ હજુ ભુલાતી નથી... સ્માર્ટ સિટી બનવાના સ્વપ્ન સાથે વિકાસકૂચ કરી રહેલું શહેર આવી નાની-નાની બાબતોમાં અટવાતું જાય છે... ક્યાં, કોનો, કેટલો વાંક ? એ તો તંત્ર અને ઉપરવાળો જાણે... શહેરમાં કેટલાય ઠેકાણે બોર્ડ બિનવારસી હાલતમાં પડેલા છે...

# બુથ સમિતિઓની રચના કરવા જિલ્લા ભાજપને પ્રદેશની તાકીદ

**સંગઠનને વધુ મજબૂત બનાવવા યોજાયેલી બેઠકમાં પ્રદેશ અગ્રણીઓનું માર્ગદર્શન**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકાના આવી રહેલા ચૂંટણી જંગને ધ્યાને રાખી બુથ સમિતિઓની રચના ઝડપભેર પૂર્ણ કરી સંગઠ્ઠનને વધુ ચેતનવંતુ બનાવવાની શીખ આજે પ્રદેશ નેતાઓએ શહેર એકમને આપી છે.

ગાંધીનગર શહેર ભાજપની કારોબારી તેમજ આમંત્રિત કાર્યકરોની મળેલ એક વિસ્તૃત બેઠકમાં પક્ષના સંગઠ્ઠનને વધુ મજબુત બનાવવા પર આજે પ્રદેશ નેતાઓએ ભાર મુક્યો હતો.

પ્રભારી રમીલાબેન બારા, સાંસદ મનસુખ માંડવિયા, પ્રદેશ મંત્રી શ્રી કે.સી. પટેલ, પ્રદેશ અગ્રણી દુષ્યંત પંડ્યા આજની આ બેઠકમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને સૌને સંગઠ્ઠન બાબતે માર્ગદર્શન આપ્યું હતું.

આજની બેઠકમાં શહેરના સંગઠ્ઠનને વધુ ચેતનવંતુ બનાવવા માટે બુથ લેવલની સમિતિઓની રચના તાકીદે પૂર્ણ કરવા જણાવવામાં આવ્યું હતું. બુથ સમિતિઓની સક્રિયતાની મદદથી મતદારો સાથેનો સંપર્ક સેતુ બનાવવા માટે પણ જણાવવામાં આવ્યું હતું.

આ બેઠકમાં ગુડાના પૂર્વ ચેરમેન શ્રી અશોક ભાવસાર, ખાદી બોર્ડના પૂર્વ ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ, ગુડાના ચેરમેન શ્રી આશિષ દવે, પૂર્વ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, મેયર શ્રીમતિ હંસાબેન મોદી, ડે. મેયર શ્રી કાર્તિક પટેલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેમરેન શ્રી રાકેશ પટેલ, કોર્પોરેશન પક્ષના નેતા શ્રી ગોવિંદભાઈ પરમાર, પક્ષના ચૂંટાયેલા કાઉન્સીલરો, શહેર ભાજપ એકમના હોદ્દેદારો અને કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.

શહેરમાં ભાજપ સંગઠ્ઠન દ્વારા આગામી દિવસોમાં જનસંપર્ક અભિયાનનું આયોજન પણ વિચારાયું હોવાનું જાણવા મળેલ છે. જો કે સંગઠ્ઠનને મજબુત બનાવવા પર જ આજની બેઠકમાં ભાર મુકવામાં આવ્યો હોવાનું મનાઈ રહ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

વિકાસ વાવોલનો - વાવોલ શહેરનો એક ભાગ બની રહ્યું છે... વાવોલની પેલે પાર પણ સોસાયટીઓ અને પાર્ટી પ્લોટ્સ બન્યા છે... ગાંધીનગરના જુદા જુદા ખુણેથી વાવોલ પહોંચવાના માર્ગ તૈયાર થઈ રહ્યા છે... સેક્ટર-૫, ખ-રોડ પાસેથી સીધો વાવોલને જોડતો માર્ગ તૈયાર થઈ રહ્યો છે... આમ વાવોલને ગાંધીનગરની સાથે જોડવાની તત્પરતા અને તૈયારીઓ ચાલે છે.... સેંકડો નગરજનો વાવોલની સોસાયટી, ફ્લેટ, બંગલાઓમાં રહે છે... જેઓને ગાંધીનગર શહેરમાં આવવા-જવા માટે આ માર્ગ સુવિધાપૂર્ણ બનશે...

# જિલ્લા પંચાયતના સભ્યોનું મન જાણવા આજે કોંગી નિરીક્ષકો આવશે

**પ્રદેશ સમિતિને નિરીક્ષકો અહેવાલ આપશે પછી નિર્ણય લેવાશે અને ૨૧મીએ સસ્પેન્સ ખુલશે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતના હોદ્દેદારોની પસંદગી અંગે આજે પ્રદેશના નીરીક્ષકો સવારે ૧૧ વાગે ચૂંટાયેલા સભ્યોને મળશે અને તેમનો મત જાણી પોતાનો અહેવાલ પ્રદેશ સમિતિને આપશે.

જિલ્લા પંચાયતના કેટલાક અગ્રણી સભ્યો તેમજ જિલ્લાના આગેવાનોને આજે પ્રદેશ સમિતિ બોલાવવામાં આવ્યા હતા અને ત્યાં સભ્યોનું મન જાણવા આવી રહેલા નિરીક્ષકો દ્વારા થનારી કાર્યવાહી તેમજ કેટલીક મહત્વની સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મળતી વિગતો પ્રમાણે આજે નિરીક્ષકો તરીકે પૂર્વ ગૃહ રાજ્યમંત્રી શ્રી નરેશ રાવલ, શ્રી બળદેવ લુણી તથા શ્રીમતિ રમીલાબેન દેસાઈ ઉપસ્થિત રહેનાર છે. આ નિરીક્ષકો સવારે ૧૧ વાગે ગાંધીનગર કોંગ્રેસ કાર્યાલય ખાતે આવી પહોંચશે અને એક પછી એક સભ્યોને મળી નિયુક્તી માટે સર્વસામાન્ય નેતાની પસંદગી કરશે. તેઓ આ અંગેનો પોતાનો અહેવાલ પ્રદેશ સમિતિને આપશે અને પ્રદેશ સમિતિ દ્વારા ૨૧મીએ સભ્યોને મેન્ડેટ બજાવી નેતાની પસંદગી અંગેની સત્તાવાર જાહેરાત કરાશે.

જિલ્લા પંચાયતના પ્રમુખપદને લઈ દાવેદારો દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યુંછે. ગાંધીનગર, માણસા અને કલોલના સભ્યો વચ્ચે સારી એવી ખેંચતાણ ચાલી રહી હોવાના સંકેતો મળી રહ્યા છે.

૨૨મીએ મળનારી બેઠકમાં માત્ર પ્રમુખ-ઉપપ્રમુખની જ વરણી કરવામાં આવશે. પ્રમુખની મુદત ૨॥ વર્ષની કરાઈ છે. સામાન્ય બેઠક હોવાથી આ વખતે ભારે ખેંચતાણ પ્રવર્તી રહી છે.

મળતી વિગતો પ્રમાણે ૨૧મીએ બપોરે કોંગ્રેસના ચૂંટાયેલા ઉમેદવારો સમૂહમાં આવી પ્રમુખ અને ઉપપ્રમુખના ઉમેદવારોની દરખાસ્ત રજુ કરશે. જો કે કોંગ્રેસ દ્વારા હાલ આ મુદ્દે મૌન સેવવામાં આવી રહ્યું છે.

# વૃક્ષોના ટ્રીમીંગ માટે વનતંત્રમાં કોઈ ફરિયાદ સાંભળતુ નથી !!

ગાંધીનગર, તા. ૧૮

ગ્રીનસીટીની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરમાં વૃક્ષોના ટ્રીમીંગની કામગીરીના નામે મીંડુ છે. વનતંત્ર દ્વારા શહેરના મુખ્યમાર્ગો આસપાસ પણ કામગીરી સદંતર બંધ થઈ ગઈ હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. ગત ચોમાસા બાદ પણ સેક્ટરોમાં ટ્રીમીંગની કામગીરી થઈ શકી નથી. શહેરના મુખ્ય માર્ગો ઉપર પણ ૭૫ વૃક્ષો સાઈન બોર્ડ માટે આડશરૂપ થઈને

**સેક્ટરોના આંતરિક વિસ્તારમાં નમી પડેલી વૃક્ષોની ડાળીઓ અવરોધરૂપ : ટ્રીમીંગની કામગીરીના નામે મીંડુ**

નિયમિતરૂપે વૃક્ષોનું ટ્રીમીંગ કરવામાં આવતુ નથી જ્યારે સેક્ટરોના આંતરિક વિસ્તારમાં પણ આડશ બનતી વૃક્ષોની ડાળીઓ રહીસો માટે અવરોધરૂપ બની છે. આ મામલે સેક્ટરવાસીઓની રજૂઆત પ્રત્યે પણ વનતંત્ર ઉદાસીનતા સેવતા રહીશોમાં પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે.

શહેરમાં છેલ્લા ઘણા સમયથી વૃક્ષોના ટ્રીમીંગની ઉભા છે. નમી પડેલી વૃક્ષોની ડાળીઓ દૂર ન થતા લાખોના ખર્ચે મુકવામાં આવેલા સાઈનબોર્ડ પણ બિનઉપયોગી પુરવાર થયા છે. બીજીતરફ સેક્ટરોમાં પણ આંતરિક માર્ગો આસપાસ નમી પડેલી વૃક્ષોની ડાળીઓ નડતરરૂપ બની છે. સેક્ટરોના આંતરિક માર્ગો પર વૃક્ષોની નમી પડેલી ડાળીઓ સ્ટ્રીટલાઈટના

● અનુસંધાન પાન-૭ પર

# આગામી સપ્તાહથી મનપા દ્વારા દબાણકારોના દબાણ સીલ કરાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આગામી સપ્તાહથી ગેરકાયદે દબાણો સામે સીલીંગની કાર્યવાહી હાથ ધરાશે.

ગાંધીનગર શહેરમાં ગેરકાયદે દબાણો મનપાના તંત્ર દ્વારા ઓળખી કાઢવામાં આવ્યા છે. ૪૫૦ જેટલા આવા દબાણો તંત્રના ધ્યાને આવ્યા છે. આ દબાણો માટે તંત્ર દ્વારા ૧૦૦થી વધુ દબાણકારોને નોટીસ પણ આપી દેવામાં આવી છે. જેમાં સાત દિવસની મહોલત આપવામાં આવી છે. આ મુદત આગામી સપ્તાહમાં પૂર્ણ થઈ રહી હોવાથી તંત્ર દ્વારા હવે સીલીંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો મુજબ મનપાએ હેતુફેર કરી અને દબાણ ઉભા કરાયા હોય તેવા, ગેરકાયદે બાંધકામ કરી અને ઉભા કરાયેલા દબાણો જેમાં શરતભંગ થાય છે તેમજ અન્ય દબાણો એમ વિવિધ કેટેગરીમાં સમગ્ર દબાણોને વિભાજીત કર્યા છે.

શહેરમાં ગેરકાયદે દબાણો અંગે હવે તંત્ર ગંભીર બની ચુક્યુ છે અને આકરા પગલાં ભરવા માટેનું મન પણ બનાવી લીધુ છે.

હાલ શહેરમાં જે અસ્થાયી દબાણો છે તેમજ ગેરકાયદે સરકારી જમીન પર દબાણો કર્યા છે તેને દૂર કરવાની કાર્યવાહી તો ચાલી જ રહી છે. અત્યાર સુધીમાં ૧૨૫ થી વધુ દબાણો આવા દૂર થઈ ચૂક્યા છે જે ઉલ્લેખનીય છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

## ગાંધીનગરમાં ઠંડી યથાવત

ગાંધીનગર, તા.૧૮

છેલ્લા કેટલાય દિવસોથી પડી રહેલી ઠંડીનું જોર હજુ યથાવત રહ્યું છે. આજે લઘુત્તમ તાપમાન ૯ ડિ.સે. જેટલું નોંધાયું હતું. જો કે ઠંડા પવનોના કારણે વસાહતીઓએ ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કર્યું હતું.

ડિસેમ્બર માસના બીજા અઠવાડિયાથી શરૂ થયેલા કોલ્ડવેવની અસર હજુ વર્તાઈ રહી છે. આગામી કેટલાક દિવસોમાં તેમાં રાહત મળવાની કોઈ સંભાવના નથી. હવામાન વિભાગે આગામી દિવસોમાં વધુ ઠંડી પડશે તેવી આગાહી વ્યકત કરી છે. છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રીની આસપાસ સ્થિર રહ્યું છે. જો કે દિવસ દરમિયાન પવનની ગતિ વધુ રહેતા વસાહતીઓએ ઘરમાં જ પુરાઈ રહેવાનુ મુનાસિબ માન્યું હતું. આજે મહત્તમ તાપમાન ૨૭.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૯ ડિ.સે. જયારે ભેજનું પ્રમાણ સવારે ૫૫ ટકા અને સાંજે ૩૮ ટકા રહ્યું છે.

# આજે કોંગ્રેસ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે ૨.૩૦ થી ૪.૩૦ દરમ્યાન સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા અને દેખાવોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં પ્રદેશ અગ્રણીઓ પણ હાજર રહેનાર છે.

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડૉ. કૌશિક શાહ અને જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભી સંયુક્ત રીતે એક અખબારી યાદીમાં જણાવે છે કે નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષશ્રી રાહુલ ગાંધી સામે ભાજપના કિન્નાખોરી ભર્યા પગલાને પ્રજા સમક્ષ ખુલ્લા મુકવા અને સત્ય હકીકતોને ઉજાગર કરવા ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિઓ દ્વારા તા. ૧૯-૧૨-૨૦૧૫ના રોજ બપોરે ૨.૩૦ થી ૪.૩૦ કલાકે સત્યાગ્રહ છાવણી, સેકટર-૬, ગાંધીનગર ખાતે ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. તો ઉક્ત સમય અને સ્થળે હાજર રહેવા ગાંધીનગર જિલ્લા અને શહેરના આગેવાનો, કાર્યકરો, હોદ્દેદારો, સેવાદળ, મહિલા કોંગ્રેસ, યુવક કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ.ના કાર્યકરો તેમજ સદસ્યો અને કોર્પોરેટરોને હાજર રહેશે તેમ આ યાદીમાં જણાવાયું છે.
















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com